# Agariya Heet Rakshak Manch


પ્રતિ,
**શ્રી અધિક કલેક્ટર (ઘુડખર અભ્યારણ્ય)**
સર્વે અને સેટલમેન્ટ,
સર્વે ભુવન, જીલ્લા પંચાયત પાસે,
સુરેન્દ્રનગર

તારીખ ૨૭ જૂન ૨૦૦૭

**વિષય : ઘુડખર અભ્યારણ્ય સંદર્ભે**

**માનનીયશ્રી,**

ઉપરોક્ત વિષય સંદર્ભે મુખ્ય વનસંરક્ષકશ્રી તરફથી તા. ૨૩/૩/૨૦૦૭ના રોજ મંચને કરવામાં આવેલી લેખીત વિનંતીને ધ્યાનમાં રાખી અગરિયાઓ વતીથી નીચે મુજબ રજૂઆતો કરીએ છીએ.

***ઉપરોક્ત પત્રની નકલ આ સાથે અનુસૂચિ-૧થી સામેલ કરેલ છે.***

ઉપરોક્ત પત્રમાં કરવામાં આવેલા તમામ વિધાનો સાથે અમે સહમત નથી જેની નોંધ લેશો.

(૧) તા. ૬ માર્ચ ૨૦૦૭ના રોજ અગ્રસચિવશ્રી વન અને પર્યાવરણ વિભાગને આપવામાં આવેલ આવેદનપત્રની નકલ આપને પણ જાણ સારું રવાના કરવામાં આવેલ છે. જેની એક નકલ આ સાથે અનુસૂચિ-૨થી સામેલ કરેલ છે. આ રજૂઆત સંદર્ભે વધુમાં જણાવવાનું કે ઉપરોક્ત પત્રમાં સચિવશ્રી સમક્ષ કરવામાં આવેલી રજૂઆતોને આ પત્ર દ્વારા આપની સમક્ષ થયેલ રજૂઆત ગણશો.

(૨) તા. ૨૫-૯-૧૯૯૭નું જાહેરનામું કે જે આપશ્રીની કચેરીને સર્વે અને સેટલમેન્ટની સત્તા આપે છે. આજ પ્રકારની સત્તાઓ આજ સમય દરમ્યાન પાટણ જિલ્લા કલેક્ટર પણ તેમના દ્વારા બહાર પાડવામાં આવેલા જાહેરનામા દ્વારા ભોગવતા આવ્યા છે. તે જાહેરનામુ રદ કરતો હુકમ આપની કચેરી દ્વારા તા. ૨-૨-૧૯૯૮ના રોજ પત્રક્રમાંક ઘુડખર/જાહેરનામુ/૨૧૯૮ દ્વારા કરવામાં આવેલ છે. આવોજ એક હુકમ ઉપસચિવ વન અને પર્યાવરણ વિભાગ દ્વારા પણ તા. ૪/૭/૯૮ ના રોજ પાટણ જિલ્લા કલેક્ટર સામે કરવામાં આવ્યો છે. આમ એકજ વિસ્તારની હકચોક્સીની કાર્યવાહી એક સાથે બે સત્તાધિકારીઓ દ્વારા કાયદાનુસાર કરવી શક્ય નથી. આથી આ બંને જાહેરનામાઓ કાયદા વિરુદ્ધના હોવાથી તે લાગુ પાડી શકાય નહિ અને તેના આધારે હક્કચોકસીની કાર્યવાહી હાથ ધરી શકાય નહિ અને જો કોઈ સંજોગોમાં બંને સત્તા મંડળો અથવા બેમાંથી કોઈ એક સત્તા મંડળ દ્વારા પણ જે કોઈ કાર્યવાહી હાથ ધરવામાં આવી હોય તે કાયદા વિરુદ્ધની હોવાથી મૂળમાંથી જ રદબાતલ છે. અને તે અગરિયાઓને બંધનકર્તા નથી અને આ પરિસ્થિતિમાં પણ સમગ્ર કાર્યવાહી નવેસરથી જાહેરનામુ બહાર પાડી કરવાની થાય છે. જેની નોંધ લેશો. ***ઉપરોક્ત બંને પત્રો અત્રે અનુસૂચિ - ૯ અને ૧૦ થી સામેલ છે.***

નાયબ મામલતદાર
(ઘુડખર) અભ્યારણ્ય,
સર્વે અને સેટલમેન્ટ,
સુરેન્દ્રનગર.

ઉપરોક્ત રજૂઆતોને તથા વિધાનોને બાધ લાવ્યા સિવાય વધુમાં નીચે મુજબની રજૂઆત અત્રે કરીએ છીએ.

(૩) કચ્છના નાના રણની માપણી થઈ નથી તથા આ વિસ્તાર કાંઠાના કોઈપણ જિલ્લા કલેક્ટરની હદ કે હકુમતમાં દર્શાવવામાં આવ્યો નથી. આમ આ વિસ્તાર સર્વે નંબર અને હદ હકુમત વિનાનો વિસ્તાર હોવાથી આ વિસ્તારમાં પરંપરાગત રીતે મીઠુ પકવતા અગરિયાઓના પારંપારિક અધિકારો અંગે સરકારના દફતરે કોઈ નોંધ કે દસ્તાવેજો ઉપલબ્ધ નથી. અગરિયાઓ ઓછુ ભણેલા, નહિવત્ શિક્ષણ ધરાવતા અને અજ્ઞાન

(પાના નં. ૨ પાછળ)

C/o, JANPATH, B-3, Sahajanand Tower, Vejalpur Road, Jivrajpark, Ahmedabad - 380 051
Phone : (079) 2682 1553, 2682 0719 Email : ahrm@rediffmail.com

હોવાથી અને વર્ષના આઠ માસ ઉપરાંતનો સમય સ્થળાંતર કરી કુટુંબ સાથે રણમાં વિતાવતા હોવાથી અને આ સ્થળંતર પેઢીદર પેઢી પારંપારિક રીતે કરતા આવ્યા હોવાથી તેમણે ક્યારેય આ મીઠુ પકવવાના પારંપારિક અધિકારો માટે (કસ્ટમરી રાઈટ્સ) જમીન કે લીઝ મેળવવા અરજી કરી નથી. આથી તેમાના મોટાભાગના અગરિયાઓ પાસે તેમને કસ્ટમરી રાઈટ્સ સાબીત કરવા કોઈ દસ્તાવેજી પુરાવાઓ ઉપલબ્ધ નથી.

(૪) સર્વે અને સેટલમેન્ટની કાર્યવાહી દરમ્યાન પણ પારંપારિકરીતે મીઠા ઉત્પાદન હેઠળનાં વિસ્તારોની કોઈ મોજણી કે મેપીંગ કરવામાં આવ્યું ન હોવાથી આ બાબત ઘુડખર અભ્યારણ્યના સર્વે અને સેટલમેન્ટ કલેક્ટરના ધ્યાન પર આવી નથી અને આથી હજારોની સંખ્યામાં પારંપારિક રીતે મીઠુ પકવતા અગરિયાઓના આજીવિકાના અધિકારો જોખમાવાની પરિસ્થિતિ ઉભી થઈ છે. આ પરિસ્થિતિના પરિણામે કુદરતી ન્યાયના સિદ્ધાંત વિરુદ્ધ બચાવ કે રજૂઆતની કોઈપણ તક મળ્યા વિના અગરિયાઓનું વિસ્થાપન થવાની પરિસ્થિતિ આવીને ઊભી છે. આ પરિસ્થિતિમાં આપને વિનંતી સહ જણાવવાનું કે કચ્છના નાના રણમાં પેઢી દર પેઢી વંશપરંપરાગત રીતે મીઠુ પકવતા અગરિયાઓના આજીવિકાના એકમાત્ર આધારને માન્ય રાખી તેમને આ વિસ્તારમાં મીઠુ પકવવાની છૂટ આપવામાં આવે તે માટે રાજ્યના યોગ્ય સત્તાધિકારીને રજૂઆત અને ભલામણ કરવા જણાવીએ છીએ.

(૫) ૧૯૭૩ના પ્રથમ જાહેરનામા હેઠળ આવરી લેવાયેલ સમગ્ર વિસ્તાર એટલે કે કચ્છનું નાનું રણ જેની કોઈ માપણી થઈ ના હોવાથી અને સર્વે નંબર વિનાનો વિસ્તાર હોવાથી આ વિસ્તાર માટે બહાર પાડવામાં આવેલું ઉપરોક્ત જાહેરનામું કાયદાની દૃષ્ટિએ ક્ષતિવાળું હોવાથી ગેરકાયદેસર અને રદબાતલ ઠરે છે.

તેમ છતાં આ વિસ્તારમાં કાઠાના જિલ્લાના જિલ્લા કલેક્ટરોએ તેમની હકુમત કે સત્તા ના હોવા છતાં આ વિસ્તારમાં લીઝ મંજૂર કર્યાના ઘણા દાખલા છે. આજ વિસ્તારમાં જુદી જુદી ગ્રામ પંચાયતોએ પણ હકૂમત કે સત્તા વિના જાહેર હેતુઓ માટે જમીનો ફાળવી દીધેલ છે.

આ પૈકી હક્કચોકસી દરમ્યાન રજૂ કરવામાં આવેલા દસ્તાવેજો પણ ગેરકાયદેસર/બિનસત્તાવાર હોવાથી મૂળમાંથીજ રદબાતલ હોવા છતાં તેના આધારે કેટલાક અધિકારો માન્ય ગણવામાં આવ્યા છે. સર્વે અને સેટલમેન્ટ કલેક્ટરનું આ પગલુ તે કાયદા વિરુદ્ધનું ગેરબંધારણીય હોવાથી રદ થવાને પાત્ર બને છે. જેની નોંધ લઈ યોગ્ય હુકમ કરવા વિનંતી કરીએ છીએ.

(૬) તા. ૨૫/૯/૧૯૯૭ના જાહેરનામાના અંતે નકલ રવાનાના અનુક્રમ નં. ૮ ૫૨ લાઈટ રેજીમેન્ટ ધ્રાંગધ્રાને અલગથી જાહેરનામાની નકલની બજવણી કરી જાણ કરવામાં આવી છે. આ પ્રકારે અન્ય અસરગ્રસ્તો તરીકે અગરિયાઓને વ્યક્તિગત જાણ કરવામાં આવી નથી. અને આમ જેતે વખતના અધિક કલેક્ટર ઘુડખર અભ્યારણ્યએ અસરગ્રસ્તો પ્રત્યે વાહલા દવાલાની નીતિ અપનાવી ભેદભાવ રાખી ઈરાદાપૂર્વક અગરિયાઓ પોતાની રજૂઆત ન કરી શકે તેવી ગોઠવણ કરી હોવાનું સ્પષ્ટ તરી આવે છે. ***જાહેરનામાની નકલ અત્રે અનુસૂચિ - ૩ થી સામેલ છે.***

(૭) તા. ૨૫/૯/૯૭ના જાહેરનામાની દાંડી પીટાવી એક પણ અગરિયાને જાણ કરવામાં આવી નથી. આથી મોટાભાગના અગરિયાઓ સમયસર પોતાની રજૂઆત કરી શક્યા નથી. રાઈટ ટુ ઈન્ફર્મેશનના કાયદા અંતર્ગત કરેલ અરજીનો જવાબ આપતો આપના તા. ૨૪-૧-૨૦૦૭ના પત્રના મુદ્દા નં. ૨ માં આપની કચેરી તરફથી જણાવ્યા પ્રમાણે ૨૩ ગામોના રોજકામની નકલો આપની પાસે ઉપલબ્ધ નથી તેનો અર્થ એ થાય કે આપની કચેરી દ્વારા સદર ૨૩ ગામોમાં જાહેરનામાની નકલ પહોંચી નથી અને તેની અગરિયાઓને જાણ થઈ નથી તે સિવાયના બંને જાહેરનામા હેઠળ આવરી લેવાયેલ ગામો પૈકી એક પણ ગામમાં જાહેરનામાના અંતમાં જણાવ્યા મુજબ દાંડી પીટાવી જાહેરનામાની જાહેરાત કરવામાં આવી નથી. આપના દ્વારા પૂરા પાડવામાં આવેલા રોજકામની ખરાઈ કરતાં માલૂમ પડ્યું છે કે... મોટાભાગના ગામોમાં આ રોજકામ ખોટા તથા પંચોને ગેરમાર્ગે દોરી અને કેટલાક કિસ્સામાં તો પંચો અને સરપંચોની ખોટી સહીઓ અને અંગૂઠા કરી આટલી મહત્ત્વની કામગીરીમાં અધિક કલેક્ટર (ઘુડખર અભ્યારણ્ય) અને અગરિયા બંનેને ગેરમાર્ગે દોરવામાં આવ્યા છે. આ પરિસ્થિતિમાં જ્યારે અગરિયાઓને જાહેરનામાની જાણ જ ન

(પાના નં. ૩ પાછળ)

બી- ૩, સહજાનંદ ટાવર, જીવરાજપાર્ક ચાર રસ્તા, અમદાવાદ - ૩૮૦ ૦૫૧,
ફોન : (૦૭૯) ૨૬૮૨ ૧૫૫૩, ફેક્સ : ૨૬૮૨ ૦૭૧૯, Email : ahrm@rediffmail.com

કરવામાં આવી હોય ત્યારે જાહેરનામા હેઠળ ત્યાર પછી કરવામાં આવેલી તમામ કાર્યવાહી કાનુની દૃષ્ટિએ ગેરકાયદેસર થતી હોવાથી અગરિયાને લાગુ પડતી નથી અને તે કાયદાની આંખમાં ધૂળ નાંખવા બરાબર બને છે. ***ઉપરોક્ત તા. ૨૪-૧-૨૦૦૭નો પત્ર અનુસૂચિ - ૪ થી સામેલ છે.***

(૮) આ સાથે આપની સમક્ષ રજૂ થયેલી કેટલાક ***હક્કદાવા સંબંધી કેસોના ઓર્ડર અમે અનુસૂચિ-૫થી રજૂ કરીએ છીએ.*** આ હુકમોમાં પંચાયતો દ્વારા કરવામાં આવેલી અરજીઓમાં જાહેર હેતુ જેવા કે ગૌચર, ચરિયાણ વગેરે કે જેમાં ગામના ભૂમિહિનો તથા અન્ય લોકોના આજીવિકાના પરંપરાગત અધિકારો અને આધારિતપણુ બને છે તેવી જમીનોને અભ્યારણ્યમાંથી બાકાત રાખવાની રજૂઆતો થતાં આપની કચેરી દ્વારા રજૂઆતો માન્ય રાખી આ અંગેની યોગ્ય ભલામણો કરવાના હુકમો કરવામાં આવ્યા છે. આજ પ્રમાણે માછીમારો ચોમાસાના ચાર મહિના કચ્છના નાના રણમાં માછલી પકડવાનું કામ પેઢી દર પેઢી વંશપરંપરાગત રીતે કરવા હોવાથી તા. ૫/૩/૨૦૦૭ના પત્રથી આપના દ્વારા મુખ્ય વનસંરક્ષકશ્રીને માછીમારોના અધિકારોને માન્ય રાખવા ભલામણ કરવામાં આવી છે. ***ઉપરોક્ત પત્ર અમે અનુસૂચિ-૬થી સામેલ કરીએ છીએ.*** આ બાબતે અમારી રજૂઆત છે કે કચ્છના નાના રણ તરીકે ઓળખાતા વિસ્તારમાં અગરિયાઓ છેલ્લા આઠસો વર્ષથી વંશ પરંપરાગત રીતે પેઢી દર પેઢી મીઠુ પકવતા આવ્યા છે. આ વિસ્તારમાં વસતા ચુંવાળીયા કોળી તથા અન્ય વિચરતા વિમુક્ત સમુદાયના લોકો પારંપારિક રીતે આ વ્યવસાય સાથે સંકળાયેલા રહ્યા છે. આથી આ વિસ્તારમાં તેમના આજીવિકા રળવાના પારંપારિક અધિકારો એટલે કે કસ્ટમરી રાઈટ્સ બને છે. આથી આ અરજી દ્વારા આપને વિનંતી કરવાની કે અગરિયાઓના આજીવિકાના પારંપારિક અધિકારો અને તે માટે કચ્છના નાના રણ ઉપરના તેમના અવલંબનને ગ્રાહ્ય રાખી આ વિસ્તારોને અભ્યારણ્ય વિસ્તારમાં બાકાત રાખવા માગ કરીએ છીએ.

કચ્છના નાના રણમાં ઘુડખર અને અગરિયા સદીઓથી શાંતિપૂર્ણ સહઅસ્તિત્વથી જીવી રહ્યા છે. અત્યાર સુધી ક્યારેય તેમના સંબંધો વિપરીત કે વિરોધાભાસી રહ્યા નથી. આથી ૧૯૭૩માં ૭૦૦ ઘુડખર હતા તે વસ્તી આજે ૫૦૦૦ થવા જાય છે. જો કોઈ પરિસ્થિતિમાં અગરિયાઓના અધિકારો ગ્રાહ્ય ન રાખી તેમની આજીવિકા ઝુંટવાશે તો અગરિયો અને ઘુડખરના સંબંધો વિરોધાભાસી બનશે તથા તેમની પાસે આજીવિકાનો અન્ય કોઈ વિકલ્પ ના હોવાથી આ વ્યવસાય સાથે સંકળાયેલા વિચરતા-વિમુક્ત સમુદાયના ૧ લાખ ઉપરાંત લોકોને ભૂખે મરવાનો વારો આવશે.

(૯) અગાઉ જણાવ્યું તેમ અગરિયા તરીકે વંશપરંપરાગત રીતે કામ કરતા આ લોકો મોટભાગના ચુંવાળીયા કોળી, સિપાહી, મિયાણાં તથા અન્ય વિચરતા સમુદાયોના છે. આ સમુદાયો ભારતના બંધારણ પ્રમાણે અનુસૂચિત જનજાતિઓમાં આવતા હોવાથી તેમની અત્યારની આજીવિકા કોઈપણ સંજોગોમાં ઝુંટવી શકાય નહિ. તાજેતરમાં સંસદમાં પસાર થયેલા ફોરેસ્ટ બીલમાં આ પ્રકારના વિસ્તારોમાં વસતા જનજાતિઓના આજીવિકાના પારંપારિક અધિકારોને માન્યતા આપી તેને કાયદાનું રક્ષણ આપવામાં આવ્યું છે. આથી પણ આપને વિનંતી કરતાં જણાવવાનું કે આ વિસ્તારમાં પારંપારિક રીતે મીઠુ પકવતા અગરિયાઓના કસ્ટમરી રાઈટ્સને ગ્રાહ્ય રાખવામાં આવે.

(૧૦)કેટલાય વર્ષોથી ગુજરાત સરકાર દ્વારા આ વિસ્તારમાં મીઠુ પકવતા અગરિયાઓના કલ્યાણ માટે કેટલીક યોજનાઓ બનાવી તે અંતર્ગત અગરિયાઓના જીવનમાં બદલાવ આવે તે માટે ઘણા પ્રયાસો થયા છે. અગરિયાઓને રણમાં કામના સ્થળે પ્રાથમિક સુવિધાઓ જેવી કે... પાણી, સ્વાસ્થ્ય, શિક્ષણ, આવાસ, વ્યાવસાયિક રોગો સામે રક્ષણ વગેરે પૂરી પાડવાની યોજનાઓ સરકાર દ્વારા હાથ ધરવામાં આવી છે. આ ઉપરાંત ગયા વર્ષે રાજ્યના શિક્ષણ વિભાગે અગરિયાના બાળકો માટે કામના સ્થળે શાળાઓ અને ગામમાં સિઝનલ હોસ્ટેલની યોજના અમલમાં મૂકી છે. ***આ અંગેના દસ્તાવેજો આ સાથે અનુસુચી -૭ (કલેક્ટીવ)***

અગરિયાઓ માટેની સ્ટેટ એમ્પાવર્ડ કમિટીના સહયોગથી ગુજરાત ગ્રામ કામદાર કલ્યાણ બોર્ડની દેખરેખ નીચે અગરિયાઓને ઓળખપત્રો આપવાની યોજના બનાવવામાં આવી છે. આ યોજના હેઠળ તૈયાર કરવામાં આવેલી પ્રાથમિક યાદી CD પર આ સાથે સામેલ છે. આ ઉપરાંત અગરિયાઓના વ્યવસાયિક સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખી તેમને સેફટીકીટનું વિતરણ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવે છે. ૨૫,૦૦૦ની

(પાના નં. ૪ પાછળ)

બી- ૩, સહજાનંદ ટાવર, જીવરાજપાર્ક ચાર રસ્તા, અમદાવાદ - ૩૮૦ ૦૫૧,
ફોન : (૦૭૯) ૨૬૮૨ ૧૫૫૩, ફેક્સ : ૨૬૮૨ ૦૭૧૯, Email : ahrm@rediffmail.com

**સંખ્યાની મર્યાદામાં** થયેલા વિતરણની યાદી પણ ઉપરોક્ત CDમાં આ સાથે સામેલ કરી છે. આ ઉપરાંત **રાજ્ય પાણી પુરવઠા** બોર્ડ દ્વારા અગરિયાઓ માટે કરવામાં આવેલી યોજનાઓ અને તે હેઠળ આવરી **લેવાયેલા** અગરિયાઓની સંખ્યા દર્શાવતો દસ્તાવેજ આ સાથે સામેલ કર્યો છે. તદ્ઉપરાંત ઉદ્યોગ કમિશનરની કચેરી દ્વારા તૈયાર કરવામાં આવેલા અહેવાલમાંથી કચેરીની વેબસાઈટ પરથી ડાઉનલોડ કરેલા ટેબલ આ સાથે બીડ્યા છે. સાથે સાથે ઉદ્યોગ કમિશનરની કચેરીએ માહિતી અધિકારના કાયદા હેઠળ તા. ૨૧/૬/ ૨૦૦૭ના પત્ર દ્વારા આપેલી માહિતીમાં ૪૮,૩૯૯ અગરિયા આ વિસ્તારમાં પારંપારિક રીતે આઠ માસ મીઠું પકવતા હોવાનું જણાવ્યું છે. ***તેની નકલ આ સાથે અનુસૂચિ ૮ થી સામેલ છે.*** આ સમગ્ર દસ્તાવેજો પર નજર નાંખતા ખૂબ સ્પષ્ટ રીતે જણાઈ આવે છે કે કચ્છના નાના રણમાં પારંપારિક રીતે પેઢી દર પેઢીથી મીઠુ પકવવા જતાં અગરિયાઓની સંખ્યા દિન-પ્રતિદીન વધતી ગઈ છે. જે અત્યારે આશરે ૪૮,૦૦૦ ઉપરાંત થવા જાય છે. આ પરિસ્થિતિમાં આપને અત્યાર સુધી મળેલ રજૂઆતો અગરિયાઓની ખરેખર સંખ્યાના ૧૦% પણ થતી નથી. આમ, આજેપણ અગરિયાઓ હક્કચોકસીની કાર્યવાહીથી અજાણ છે તથા રણમાં આઠ મહિના સ્થળાંતર કરી મીઠુ પકવવા પરંપરાગત રીતે જતા હોવાથી તેમજ બજાર સાથે તેમનો કોઈ સંપર્ક ન હોવાથી અને પારંપારિક વ્યવસાય હોવાના નાતે તેમણે ક્યારેય લીઝ મેળવી ન હોવાથી તેમના આજીવિકાના પારંપારિક અધિકારો સાબીત કરવા માછીમારોની જેમજ અગરિયાઓ પાસે કોઈ આધાર પુરાવાઓ નથી. હકીકત એ છે કે કચ્છના નાના રણની માપણી થઈ ના હોવાથી તથા આ વિસ્તારમાં અધિકારોની ખરાઈ માટે કોઈ દસ્તાવેજી પૂરાવાઓ ઉપલબ્ધ ન હોય તે સ્વાભાવિક છે.

કચ્છના નાના રણની ફરતે આવેલા જિલ્લાઓની હદ અને હકૂમત રણની કાંધીએ પૂરી થતી હોવા છતાં મોટાભાગનાં જિલ્લા કલેક્ટરોએ તેમની હકૂમતમાં ન આવતા કચ્છના નાના રણ વિસ્તારમાં અત્યારસુધી બિનસત્તાવાર અને અનિયમસર રીતે લીઝ મંજૂર કર્યાના દાખલા છે. આ પ્રકારના દસ્તાવેજોને કોઈપણ સંજોગોમાં આધારભુત પુરાવા તરીકે ગ્રાહ્ય રાખી શકાય નહીં.

કચ્છના નાના રણમાં પાકતું મીઠું ગાંગડાવાળુ મીઠું આજે પણ સંપૂર્ણ પણે માનવશ્રમથી પકવવામાં આવે છે. તેમાં અદ્યતન સાધનો સરંજામનો ઉપયોગ કરવામાં આવતો નથી. આથી જ આ વિસ્તાર આજુબાજુના ગામમાં વસતા પેઢી દર પેઢીથી પરંપરાગત રીતે મીઠુ પકવતા હજારો અગરિયાઓને રોજીરોટી આપે છે. આ ઉપરાંત આપનું ધ્યાન દોરતા જણાવવાનું કે કચ્છના નાના રણની ભૌગોલિક તથા વાતાવરણીય પરિસ્થિતિ અહીં મીઠુ પકવવા માટે ઉત્તમ ગણાય છે. આથી ઉપરની સમગ્ર રજૂઆતોને ધ્યાને લઈ અગરિયાઓના વંશપરંપરાગત પેઢી દરપેઢી મીઠું પકવવાના અને આજીવિકા રળવાના અધિકારોને ગ્રાહ્ય રાખી તે વિસ્તારો અભ્યારણ્યમાંથી બાકાત રાખવા હુકમ કરવા વિનંતી કરીએ છીએ. આ સાથે રાજ્ય સરકાર દ્વારા અગરિયાઓને કરવામાં આવેલ સેફટીકીટ વીતરણ તથા ઓળખપત્ર આપવાની યોજનાની યાદી CD પર આપની જાણ માટે રજૂ કરીએ છીએ. આ યાદીમાં કેટલાંક ખોટાં નામ સામેલ થયાં છે જ્યારે હજી ઘણા સાચા પારંપારિક પેઢી દરપેઢીથી મીઠું પકવતા અગરિયાઓનો સમાવેશ થવો રહી ગયો છે.

ઉપરોક્ત રજૂઆતોને ધ્યાને લઈ અગરિયાઓના વંશપરંપરાગત રીતે, પેઢી દર પેઢી મીઠુ પકવવાના અધિકારોને માન્ય રાખી જે વિસ્તારોમાં મીઠા ઉત્પાદન થાય છે તે વિસ્તારોને અભ્યારણ્ય વિસ્તારોમાંથી બાકાત રાખવાનો હુકમ કે તે બાબતે યોગ્ય ભલામણ કે રજૂઆત કરવા માંગ કરીએ છીએ. વધુમાં જણાવીએ છીએ કે ઉપર મુજબના વિસ્તારો અભ્યારણ્યમાંથી બાકાત થવાના કારણે અભ્યારણ્ય વિસ્તાર કે ઘુડખરને કોઈ વિપરીત અસર થઈ શકે તેમ નથી જ્યારે અગરિયાઓ માટે મીઠુ પકવવા સિવાય આજીવિકાના અન્ય કોઈ વિકલ્પો નથી તે નિર્વિવાદ બાબત છે. આથી ફરી એકવાર આપને નિવેદન કરવાનું કે અમારી આ અરજીથી કરેલી રજૂઆતો ગ્રાહ્ય રાખી યોગ્ય કાર્યવાહી કરવા વિનંતી.

(હરિણેશ પંડ્યા)
ટ્રસ્ટી
અગરિયા હિતરક્ષક મંચ

**બિડાણ :** અનુસૂચિ ૧ થી ૧૦ કુલ પાના (૩૨)

બી- ૩, સહજાનંદ ટાવર, જીવરાજપાર્ક ચાર રસ્તા, અમદાવાદ - ૩૮૦૦૫૧,
ફોન : (૦૭૯) ૨૬૮૨ ૧૫૫૩, ફેક્સ : ૨૬૮૨ ૦૭૧૯, Email : ahrm@rediffmail.com